# આપઘાત નોતરતી શિક્ષણ પદ્ધતિ બદલવી જોઈએ



ટાઈમ લાઈન
સંજય વોરા

ભારતમાં વિદ્યાર્થીઓની આત્મહત્યા પ્રત્યે આપણો પ્રતિભાવ હવે તદ્દન ઠંડો બની ગયો છે. એક યુવાનનું જીવન સમાપ્ત થાય છે, તેના પરિવારમાં શોકનું મોજું ફાટી નીકળે છે, સરકારને પ્રશ્નો પૂછવામાં આવે છે અને જવાબદારીની માંગણી કરવામાં આવે છે; પરંતુ જે મહત્ત્વપૂર્ણ પ્રશ્ન પર પ્રમાણમાં ઓછું ધ્યાન આપવામાં આવે છે, તે એ છે કે વિદ્યાર્થીના આગામી આપઘાતને કેવી રીતે અટકાવવો? નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (NCRB)ના ૨૦૨૪ના આંકડા અનુસાર દેશમાં ૧૪,૪૮૮ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી હતી. એટલે કે આપણી શિક્ષણ પ્રણાલીએ દરરોજ સરેરાશ ૪૦ યુવાનોના જીવ ગુમાવ્યા હતા. આ આંકડા ફક્ત સરકારી અહેવાલમાં નોંધાયેલા આંકડા નથી, પરંતુ સમગ્ર દેશ માટે એક ગંભીર ચેતવણી છે કે આપણી શિક્ષણ પ્રણાલીએ વિદ્યાર્થીઓની તકલીફ અને માનસિક તાણને સમયસર ઓળખવાનું શીખવું જોઈએ. NEET-સંબંધિત વિદ્યાર્થીઓની આત્મહત્યાઓએ આ મુશ્કેલ ચર્ચાને વધુ તીવ્ર બનાવી છે. વાસ્તવિક પ્રશ્ન એ છે કે શું આપણે વિદ્યાર્થીઓને નિરાશા અને હતાશા તરફ ધકેલી દેતી શિક્ષણ પ્રણાલીની ખામીઓને સુધારવા તૈયાર છીએ?

વિદ્યાર્થી આત્મહત્યાની સમસ્યા માત્ર NEET સુધી મર્યાદિત નથી. તે કોઈ એક પરીક્ષા, કોચિંગ સંસ્થા, યુનિવર્સિટી કે પરિવારની સમસ્યા નથી. આ આપણી શિક્ષણ પ્રણાલીના માળખા અને સંચાલનમાં રહેલી ગંભીર ખામીઓ તરફ સંકેત કરે છે. આપણે વિદ્યાર્થીઓ પાસેથી સતત સારા પ્રદર્શનની અપેક્ષા રાખીએ છીએ, પરંતુ તેમના પ્રદર્શન અને માનસિક સુખાકારીને અસર કરતી પરિસ્થિતિઓને પર્યાપ્ત રીતે ઓળખવામાં નિષ્ફળ જઈએ છીએ. આપણી શિક્ષણ સંસ્થાઓમાં શિસ્તના નામે નિયમો ઘણીવાર એટલા કડક રીતે લાગુ કરવામાં આવે છે કે શું તે ખરેખર શિક્ષણ અને વિદ્યાર્થીઓના શ્રેષ્ઠ હિતમાં છે કે નહીં, તે મુદ્દો જ ભૂલાઈ જાય છે.

ફરજિયાત હાજરી અંગેનો કાનૂની વિવાદ આવી કઠોરતાનું એક ઉદાહરણ છે. ઓછી હાજરીને કારણે પરીક્ષામાંથી બાકાત રાખવામાં આવેલા કાયદાના એક વિદ્યાર્થીની આત્મહત્યા બાદ દિલ્હી હાઈકોર્ટે બાર કાઉન્સિલ ઑફ ઈન્ડિયાને નિયમોમાં સુધારો કરવા અને માત્ર ઓછી હાજરીના આધારે વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસતા અટકાવવા અંગે પુનર્વિચાર કરવાનો નિર્દેશ આપ્યો હતો. જોકે, બાર કાઉન્સિલે આ નિર્ણયને પડકાર્યા બાદ સુપ્રીમ કોર્ટે તેના અમલ પર રોક લગાવી દીધી હતી. જો કોઈ વિદ્યાર્થીમાં પરીક્ષા પાસ કરવાની ક્ષમતા હોય, તો શું વર્ગમાં તેની હાજરીને જ શિક્ષણનો એકમાત્ર પુરાવો ગણવો જોઈએ? અહીં પ્રશ્ન વર્ગખંડમાં હાજરીની આવશ્યકતા દૂર કરવાનો નથી, પરંતુ નિયમોને વધુ તાર્કિક, ન્યાયી અને વિદ્યાર્થીઓના હિત પ્રત્યે સંવેદનશીલ બનાવવાનો છે.

જ્યારે પણ કોઈ વિદ્યાર્થીની આત્મહત્યા રાષ્ટ્રને હચમચાવી નાખે છે, ત્યારે વિવાદનું એક ચક્ર શરૂ થાય છે. સરકારો અને પરીક્ષા પ્રણાલીને દોષી ઠેરવવામાં આવે છે. શિક્ષકો, માતાપિતા અને શૈક્ષણિક સંસ્થાઓ સામે આક્ષેપો થાય છે, પરંતુ આ ચક્ર ભાગ્યે જ સમસ્યાના નિવારણ તરફ દોરી જાય છે. તેનું કારણ એ છે કે આપણે ગંભીરતાથી વિચારતા નથી કે શું પ્રણાલી પોતે જ એવા દબાણના બિંદુઓ ઊભા કરી રહી છે, જ્યાં વિદ્યાર્થીઓ સંપૂર્ણપણે લાચાર બની જાય છે.

આ તે તબક્કો છે, જ્યાં શૈક્ષણિક સંસ્થાઓએ પોતાનો અભિગમ બદલવાની જરૂર છે. કટોકટી ઊભી થયા પછી જ માતાપિતા સાથે વાતચીત શરૂ થવી જોઈએ નહીં. વિદ્યાર્થી સંપૂર્ણપણે તૂટી પડે તે પહેલાં જ ભયના સંકેતો ઓળખી શકાય તેવી વ્યવસ્થા હોવી જોઈએ. શિક્ષકો અને વહીવટકર્તાઓને માનસિક તાણ તથા ભાવનાત્મક તકલીફના સંકેતો ઓળખવાની તાલીમ આપવી જોઈએ. જોકે સંસ્થાકીય સમર્થન જરૂરી છે, વિદ્યાર્થીઓ પરનું બધું દબાણ માત્ર શૈક્ષણિક સંસ્થાઓમાંથી જ ઊભું થતું નથી. NEET જેવી સ્પર્ધાત્મક પરીક્ષામાં સારો દેખાવ કરવાનું દબાણ ઘરોમાં પણ પેદા થાય છે, જ્યાં ડૉક્ટર કે એન્જિનિયર બનવું આજે પણ સફળતા અને સામાજિક પ્રતિષ્ઠાનો સૌથી આદરણીય માર્ગ માનવામાં આવે છે. કૌટુંબિક અપેક્ષાઓ, સ્પર્ધા અને નિષ્ફળતાનો ભય ઘણા વિદ્યાર્થીઓ પર એવો બોજ મૂકે છે, જે તેઓ વ્યક્ત પણ કરી શકતા નથી. ઘણા માતાપિતા દેવું કરીને બાળકોને ભણાવતા હોવાથી વિદ્યાર્થીઓ પરનું માનસિક દબાણ વધુ વધી જાય છે.

**વાસ્તવિક પ્રશ્ન એ છે કે શું આપણે વિદ્યાર્થીઓને નિરાશા અને હતાશા તરફ ધકેલી દેતી શિક્ષણ પ્રણાલીની ખામીઓને સુધારવા તૈયાર છીએ?**

સાચી શૈક્ષણિક શ્રેષ્ઠતા ત્યારે જ શક્ય છે, જ્યારે કઠોરતા અને સંવેદનશીલતા એકસાથે ચાલે. શૈક્ષણિક સંસ્થાઓએ યાદ રાખવું જોઈએ કે વિદ્યાર્થીઓ માત્ર પરીક્ષાર્થી નથી, પરંતુ ભવિષ્યની ચિંતાઓ સાથે ઝઝૂમી રહેલા યુવાનો છે. પરીક્ષાએ વિદ્યાર્થીની ક્ષમતાનું મૂલ્યાંકન કરવું જોઈએ, તેના સમગ્ર જીવન અને વ્યક્તિત્વનો નિર્ણય નહીં. પારદર્શક અને નિષ્પક્ષ પરીક્ષા પ્રણાલી જરૂરી છે, પરંતુ તે પૂરતી નથી. મર્યાદિત આર્થિક સાધનો ધરાવતા વિદ્યાર્થીને વધુ પડતી ફીના કારણે સારું પ્રદર્શન કરવા છતાં ખાનગી મેડિકલ કોલેજોમાં પ્રવેશ મળતો નથી, જ્યારે ઓછો સ્કોર ધરાવતા આર્થિક રીતે સક્ષમ ઉમેદવારો ખાનગી સંસ્થાઓમાં સરળતાથી પ્રવેશ મેળવી લે છે. એટલે પરીક્ષા સાથે અસમાનતાનો અંત આવતો નથી.

આજે દરેક ડિગ્રીને સીધી નોકરી સાથે જોડવામાં આવી રહી છે. જેટલી ભારે ડિગ્રી, એટલી સારી નોકરી અને એટલું મોટું પગારપેકેજ–એવો માહોલ ઊભો થયો છે. શિક્ષણનો સંબંધ કૌશલ્ય વિકાસ સાથે જોડવાને બદલે આપણી શિક્ષણ પ્રણાલી વધુ ને વધુ અર્થપ્રધાન બની ગઈ છે.

માતાપિતા કારકિર્દીના નામે દેવું કરીને પણ ફી ચૂકવવા તૈયાર થઈ જતા હોવાથી શિક્ષણની હાટડીઓનો ધંધો ધમધોકાર ચાલી રહ્યો છે. વિદ્યાર્થીઓની આત્મહત્યા માત્ર પરિવારો માટેની વ્યક્તિગત દુર્ઘટના નથી, પરંતુ સંસ્થાકીય અને સામાજિક નિષ્ફળતાનું પણ પ્રતીક છે. આને રોકવા માટે આપણે માત્ર આક્રોશ વ્યક્ત કરવાથી આગળ વધવું પડશે અને એવી શિક્ષણ પ્રણાલીનું નિર્માણ કરવું પડશે, જેના મૂળમાં શિક્ષણ, ન્યાયીતા અને માનવીય ગૌરવ હોય.

શૈક્ષણિક ધોરણો મહત્ત્વપૂર્ણ છે, પરંતુ વિદ્યાર્થીને માત્ર ગુણ, ક્રમ, રોલ નંબર કે હાજરી સુધી મર્યાદિત ન કરી શકાય. આજે એવી માનવીય શિક્ષણ પ્રણાલીની જરૂર છે, જે ઉચ્ચ શૈક્ષણિક ધોરણો જાળવી રાખવાની સાથવિદ્યાર્થીઓના દુઃખ, તાણ અને સંઘર્ષ પ્રત્યે પણ સંવેદનશીલ રહે.

# 'Rain Caught': વરસાદ, સંગીત અને સાહિત્યનો સંગમ

કર્ટનકોલ
- પ્રજ્ઞા વશી

સુરત શહેરમાં ચોમાસાની મોસમને સાચા અર્થમાં ઉજવતો એક અનોખો અને આત્મીય કાર્યક્રમ 'Rain Caught' તાજેતરમાં એકોસ્ટિક્સ મ્યુઝિક કોમ્યુન, ન્યૂ સિટી લાઈટ ખાતે યોજાયો હતો. બહાર ધીમી ધારે વરસતો વરસાદ, અંદર ચા-કોફીની સુગંધ, ઉમરાવ બેકરીના જીગરભાઈ ઉમરાવ દ્વારા પ્રાયોજિત સ્વાદિષ્ટ બિસ્કિટ અને સાથે સુમધુર સંગીત, ગઝલો, કવિતાઓ તથા વાર્તાઓનો સંગમ - આ બધાએ મળીને ઉપસ્થિત સૌને એવી અનુભૂતિ કરાવી કે જાણે વરસાદ માત્ર બહાર જ નહીં, પરંતુ દરેકના મનમાં પણ વરસી રહ્યો હોય.

કાર્યક્રમની સૌથી વિશેષ બાબત એ હતી કે અહીં માત્ર મનોરંજન જ નહીં, પરંતુ ગુજરાતી સાહિત્ય અને સંગીતની ઊંડાણભરી સફરનો અનુભવ પણ કરાવવામાં આવ્યો. સુપ્રસિદ્ધ નાટ્યકાર, દિગ્દર્શક અને અભિનેતા વૈભવ મુકેશ દેસાઈએ પોતાના પ્રભાવશાળી પઠન દ્વારા ભગવતીકુમાર શર્મા, ખલીલ ધનતેજવી, ડૉ. મુકુલ ચોકસી અને કિરણસિંહ ચૌહાણ જેવા પ્રતિષ્ઠિત સર્જકોની અમર રચનાઓને જીવંત કરી. તેમની રજૂઆત માત્ર શબ્દોનું પઠન નહોતી, પરંતુ દરેક રચનાનો ભાવ પ્રેક્ષકો સુધી હૃદયસ્પર્શી રીતે પહોંચાડવાનો એક જીવંત પ્રયાસ હતો. સમગ્ર હોલમાં સાહિત્યનો રસ છલકાતો હતો અને દરેક રચના પછી ગૂંજી ઊઠતી તાળીઓ એ વાતનો પુરાવો આપતી હતી કે ગુજરાતી કવિતા અને ગઝલ આજે પણ લોકોના હૃદયમાં એટલી જ જીવંત છે.





સંગીતના વિભાગમાં ગાયક અમન લેખડિયાએ પોતાના મધુર અને ભાવસભર કંઠે ગુજરાતી અને હિન્દી વરસાદી ગીતોની અદ્ભૂત મહેફિલ સજાવી. જૂના સ્વર્ણિમ ગીતોથી લઈને નવી પેઢીના લોકપ્રિય ગીતો સુધીની તેમની પસંદગીએ પ્રેક્ષકોને સતત જોડીને રાખ્યા. ખાસ કરીને બ્લેક એન્ડ વ્હાઈટ ફિલ્મ 'બૂટ પોલિશ'નું લોકપ્રિય ગીત 'લપક ઝપક', શહેઝાદ કરંજીયા સાથે રજૂ થતાં સમગ્ર વાતાવરણમાં એક અલગ જ ઉલ્લાસ છવાઈ ગયો અને પ્રેક્ષકો આનંદથી ઝૂમી ઊઠ્યા. સાથે જ હરિહરનના કંઠે ગવાયેલું અને એ. આર. રહેમાનના સ્વરાંકનથી સજ્જ ગીત 'નહીં સામને... યે અલગ બાત હૈ...' રજૂ થતાં સમગ્ર વાતાવરણ પ્રેમમય અને ભાવવિભોર બની ગયું.

**જૂના સ્વર્ણિમ ગીતોથી લઈને નવી પેઢીના લોકપ્રિય ગીતો સુધીની તેમની પસંદગીએ પ્રેક્ષકોને સતત જોડીને રાખ્યા**

કાર્યક્રમને વધુ વૈવિધ્યસભર બનાવતાં મયંક કાપડિયા અને ધ્રુવ કાપડિયાએ અંગ્રેજી સંગીતની યાદગાર રજૂઆતો કરી. વિશ્વવિખ્યાત ગાયક Bob Dylanનું અમર ગીત 'Knockin' on Heaven's Door' તેમજ ભારતના પ્રતિષ્ઠિત રોક બેન્ડ Parikramaનું લોકપ્રિય ગીત 'But It Rained' રજૂ થતાં સંગીતપ્રેમીઓએ જોરદાર પ્રતિસાદ આપ્યો. પશ્ચિમી સંગીત અને ભારતીય વરસાદી માહોલનું આ અનોખું સંયોજન સમગ્ર સાંજને વધુ યાદગાર બનાવી ગયું.

કાર્યક્રમનું એક અત્યંત ભાવુક અને હૃદયસ્પર્શી આકર્ષણ રહ્યું એવોર્ડ વિજેતા અભિનેત્રી મનાલી કંથારિયાની અભિવ્યક્તિપૂર્ણ રજૂઆત. વૈભવ દેસાઈ લિખિત કૃતિ 'વ્હાલના ખેતરમાં આંસુઓની હેલી... 'ડેલી' તેમણે એટલી સંવેદનશીલતા અને સહજ અભિનય સાથે રજૂ કરી કે ઘણા પ્રેક્ષકોની આંખો ભીની થઈ ગઈ. તેમની રજૂઆતને સંગીતકાર દર્શન ઝવેરીના સંવેદનાત્મક પાર્શ્વસંગીતે વધુ અસરકારક બનાવી, જ્યારે સમગ્ર સંગીત સંચાલન યશ ઉપાધ્યાયે સંભાળ્યું.

કાર્યક્રમમાં એક વિશેષ સંગીતમય ક્ષણ ત્યારે સર્જાઈ જ્યારે પરીઝાદ કરંજીયાએ પોતાના હૃદયસ્પર્શી સ્વરમાં એક અંગ્રેજી ગીત રજૂ કર્યું. તેમના અનોખા અવાજ અને લાગણીસભર રજૂઆતથી સમગ્ર પ્રેક્ષાગૃહ મંત્રમુગ્ધ બની ગયું. કળા તેમના લોહીમાં જ છે, કારણ કે તેઓ પદ્મશ્રી યઝદી કરંજીયાના પૌત્રી છે. તેમ છતાં તેમણે પોતાની આગવી ગાયકીથી એ સ્પષ્ટ કરી દીધું કે સંગીત ક્ષેત્રે તેઓ ભવિષ્યમાં ખૂબ મોટું સ્થાન હાંસલ કરવાની ક્ષમતા ધરાવે છે.

સંગીતકારોની ટીમ પણ અત્યંત પ્રતિભાશાળી હતી. તબલા પર નેશનલ ગોલ્ડ મેડાલિસ્ટ સતીશ રેવરે પોતાની લયબદ્ધ તાલોથી દરેક રચનામાં જીવ પૂર્યો. કીબોર્ડ પર ગુજરાતી ફિલ્મો, નાટકો અને મેગા શોના જાણીતા સંગીતકાર દર્શન ઝવેરીએ સુંદર સંગીતસર્જન કર્યું. ગિટાર પર સુરતના વેસ્ટર્ન સંગીતના પાયાના સ્થાપક ગણાતા મયંક કાપડિયા અને કીબોર્ડ પર ધ્રુવ કાપડિયાએ સંગીતને નવી ઊંચાઈ આપી, જ્યારે ડ્રમ પેડ પર સુરતના જાણીતા ડ્રમર નીક્સ માંવાપુરીએ પોતાની ઊર્જાસભર તાલોથી સમગ્ર કાર્યક્રમને જીવંત રાખ્યો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન યશ ઉપાધ્યાયે આત્મીયતા, સરળતા અને સુંદર સંવાદશૈલી સાથે કર્યું. કાર્યક્રમનું સંકલન અને આયોજન એકોસ્ટિક્સ મ્યુઝિક કોમ્યુનના વિદ્યાર્થીઓએ અત્યંત વ્યવસ્થિત રીતે સંભાળ્યું, જે તેમની ટીમવર્ક અને સમર્પણનું ઉત્તમ ઉદાહરણ બન્યું.

ઉલ્લેખનીય છે કે ધ્રુવ અને મયંક કાપડિયા દર મહિનાના બે ગુરુવારે સુરતના સંગીતરસિકો માટે આવા અનોખા સંગીતમય ઉપક્રમોનું આયોજન કરે છે. આજના ઝડપી અને વ્યસ્ત જીવનમાં સાહિત્ય, સંગીત અને સંવેદનાઓને એક જ મંચ પર લાવતો તેમનો આ પ્રયાસ ખરેખર કાબિલે દાદ છે.

'Rain Caught' માત્ર એક કાર્યક્રમ નહોતો; તે વરસાદ, શબ્દો, સ્વરો અને સંવેદનાઓની એવી સુંદર ઉજવણી હતી, જેણે ઉપસ્થિત દરેક વ્યક્તિને થોડા સમય માટે જીવનની દોડધામમાંથી બહાર કાઢીને કલા અને લાગણીઓના એક અનોખા વિશ્વમાં લઈ ગઈ. આવી સાંજો માત્ર યાદોમાં જ નહીં, પરંતુ હૃદયમાં પણ લાંબા સમય સુધી ભીની રહી જાય છે.

# સોલો ટ્રાવેલિંગ કરવાની એ મજા!



ધારો કે તમે કોઈ અજાણ્યા રેલવે સ્ટેશન કે એરપોર્ટ પર ઊભા છો. તમારી પીઠ પર એક બેકપેક છે, હાથમાં ચાનો કપ છે અને સામે અજાણ્યા ચહેરાઓની ભીડ છે. કોઈ તમને ટોકવાવાળું નથી, કોઈ ઉતાવળ કરાવવાવાળું નથી અને કોઈ એવું નથી જે એમ કહે કે "યાર, આ જગ્યાએ નથી જવું!" બસ, આ જ તો આઝાદી છે સોલો ટ્રાવેલિંગની!

આજકાલ 'સોલો ટ્રાવેલિંગ' એટલે કે એકલા પ્રવાસ કરવાનો ટ્રેન્ડ ખૂબ વધી રહ્યો છે. ઘણા લોકોને લાગે છે કે એકલા ફરવું એટલે બોર થવું કે લોનલી ફીલ કરવું. પણ સાચું પૂછો તો, સોલો ટ્રાવેલિંગ એ એકલતા નથી, પણ પોતાની જ કંપનીને એન્જોય કરવાની એક અદ્ભુત કળા છે. તે માત્ર ફરવા પૂરતું સીમિત નથી, પણ તમારા વ્યક્તિત્વને એક નવો વળાંક આપવાની એક શક્તિશાળી પ્રક્રિયા છે.

જ્યારે તમે એકલા પ્રવાસે નીકળો છો, ત્યારે તમારી બેગ સાથે થોડા એવા ફાયદા પણ પેક થઈ જાય છે જે તમને ગ્રુપ ટૂર કે ફેમિલી ટ્રિપમાં ક્યારેય નથી મળતા.

ગ્રુપમાં ફરતી વખતે સૌથી મોટી માથાકૂટ એ હોય છે કે 'ક્યાં જવું અને શું ખાવું?' સોલો ટ્રાવેલિંગમાં આ ઝંઝટ જ નથી. જો તમને સવારે ૧૧ વાગ્યા સુધી ઊંઘવું હોય, તો કોઈ જગાડનાર નથી. જો તમને આખો દિવસ કેફેમાં બેસીને બુક વાંચવી હોય, તો કોઈ રોકનાર નથી. તમારી ટ્રિપ, તમારો ટાઈમ અને તમારા જ નિયમો!

જ્યારે તમે એકલા હોવ છો, ત્યારે તમે તમારા ખિસ્સા પ્રમાણે ચાલી શકો છો. ઈચ્છા થાય તો કોઈ લક્ઝરી હોટેલમાં રોકાઓ, અને બજેટ ઓછું હોય તો હોસ્ટેલ કે હોમસ્ટેમાં રહીને પૈસા બચાવો. ખાવા-પીવામાં પણ કોઈની પસંદ-નાપસંદ સાચવવી પડતી નથી.

ગ્રુપમાં હોઈએ ત્યારે આપણે આપણા જ સર્કલમાં વ્યસ્ત રહીએ છીએ. પણ જ્યારે તમે એકલા હોવ, ત્યારે તમે અજાણ્યા લોકો સાથે વાત કરવા માટે વધુ સહજ બનો છો. હોસ્ટેલના કોમન રૂમમાં ચા પીતા-પીતા દુનિયાના કોઈ બીજા છેડાથી આવેલા પ્રવાસી સાથે દોસ્તી થઈ જાય, એ મજા સોલો ટ્રાવેલિંગમાં જ મળે છે.

સોલો ટ્રાવેલિંગ માત્ર તમારા ઇન્સ્ટાગ્રામ ફીડને સુંદર નથી બનાવતું, પણ તમારી અંદર રહેલા ડરને ભગાવીને તમારું એક નવું જ વર્ઝન બહાર લાવે છે.

"દુનિયાને જોવા માટે નીકળેલો માણસ, આખરે તો પોતાની જાતને જ મળીને પાછો ફરે છે."

જ્યારે તમે કોઈ અજાણ્યા શહેરમાં ભાષાની સમજણ વગર પણ મેપ જોઈને રસ્તો શોધી લો છો, કે કોઈ મુશ્કેલ પરિસ્થિતિમાંથી એકલા બહાર નીકળો છો, ત્યારે તમારો આત્મવિશ્વાસ સાતમા આસમાને પહોંચી જાય છે. તમને સમજાય છે કે "હું ધારું તે કરી શકું તેમ છું!"

**સોલો ટ્રાવેલિંગ માત્ર તમારા ઇન્સ્ટાગ્રામ ફીડને સુંદર નથી બનાવતું, પણ તમારી અંદર રહેલા ડરને ભગાવીને તમારું એક નવું જ વર્ઝન બહાર લાવે છે**

ટ્રેન ચૂકી જવાય ત્યારે શું કરવું? કઈ ગલી સુરક્ષિત છે? આ બધા તાત્કાલિક નિર્ણયો તમારે પોતે લેવાના હોય છે. આનાથી તમારી પ્રોબ્લેમ-સોલ્વિંગ સ્કિલ્સ વધે છે, જે લાઈફના અન્ય મેનેજમેન્ટમાં પણ ખૂબ કામ આવે છે.

આપણે બધા આપણા ઘરમાં, આપણા શહેરમાં એક કમ્ફર્ટ ઝોનમાં જીવીએ છીએ. એકલા પ્રવાસ કરવાથી તમે એ ઝોન તોડીને બહાર નીકળો છો. નવી સંસ્કૃતિ, નવો ખોરાક અને નવા લોકો સાથે અનુકૂલન સાધતા સાધતા તમે વધુ ઓપન-માઇન્ડેડ બનો છો. રોજબરોજની ભાગદોડ અને સોશિયલ મીડિયાના ઘોંઘાટમાં આપણે આપણી જાતને જ ભૂલી જઈએ છીએ. પહાડોની વચ્ચે કે દરિયા કિનારે એકલા બેસીને જ્યારે તમે તમારા વિચારો સાથે વક્ત વિતાવો છો, ત્યારે તમને સમજાય છે કે તમને જીવનમાં ખરેખર શું જોઈએ છે. જો આ આર્ટિકલ વાંચીને તમારા મનમાં પણ એકલા ફરવા જવાનો કીડો સળવળ્યો હોય, તો નીકળતા પહેલા આટલી વાતોનું ધ્યાન ચોક્કસ રાખજોઃ તમે જ્યાં જવાના હોવ તે જગ્યા વિશે પૂરતી માહિતી મેળવી લો. ત્યાંની સેફ્ટી, લોકલ ટ્રાન્સપોર્ટ અને કલ્ચર વિશે ઓનલાઇન વાંચી લો.

ભલે તમે એકલા હોવ, પણ તમારા પરિવાર કે ખાસ મિત્રો સાથે તમારું લાઈવ લોકેશન અને હોટેલની ડિટેલ્સ હંમેશા શેર કરતા રહો.

યાદ રાખો, તમારો સામાન તમારે જ ઊંચકવાનો છે. એટલે બિનજરૂરી કપડાં કે વસ્તુઓ ભરીને બેગ ભારે ન કરો.

ફોનમાં ગૂગલ મેપ્સ, ટ્રાન્સલેટર એપ અને ઈમરજન્સી નંબર્સ હંમેશા રેડી રાખો. પાવરબેંક લેવાનું બિલકુલ ન ભૂલતા!

સોલો ટ્રાવેલિંગ એ એક લાઈફ-ચેન્જિંગ એક્સપિરિયન્સ છે. એ તમને ડર સામે લડતા શીખવાડે છે, તમને આઝાદીનો સાચો અર્થ સમજાવે છે અને સૌથી અગત્યનું, એ તમને તમારા પોતાના બેસ્ટ ફ્રેન્ડ બનાવે છે.

## કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન
↓ ઊભી લાઇન

## કાકુરો- નો ઉકેલ

